2019-05-19 -Satpanthis became Khoja -Gujarat Samachar (979)

'આ ઓપરેશનથી જે ખોડ રહી છરીનો ઈસ્તેમાલ કરવો શું લાઝમી નથી?'

ડગ્લાસ સ્ટોન ઝૂકીને પલંગની ચાદરનાં રેસા પંપાળી રહ્યો હતો. એની

આવે છે એની મને તારથી જાણ કરે.'


(સમાપ્ત)


ગુજરાતની તેજસ્વી વ્યાપારી કોમ 'ખોજા'

ડૉ. મકરન્દ મહેતા

ગુજરાત એટલે વ્યાપાર ઉદ્યોગનું ધામ ગુજરાતીઓ વિશ્વભરમાં ફેલાયા છે. તેઓ દેશ વિદેશમાં 'વ્યાપારી કોમ' તરીકે ઓળખાય છે. ગુજરાતે વ્યાપારી જ્ઞાતિઓ અને કોમે ખીલવી છે. ભાટિયા, લોહાણા અને વૈષ્ણવ વણીકો હિંદુ વ્યાપારી જ્ઞાતિઓ છે. જૈનો અને ઝોરાષ્ટ્રીયન પારસીઓ વ્યાપારી કોમો છે. મુસલમાનોમાં ખોજા, વહોરા અને મેમણ વ્યાપારી કોમો છે. નાત, જાત અને ધર્મની બાબતમાં ગુજરાતીઓ ભીન્ન હોવા છતાં તેમને ગુજરાતી ભાષા જોડે છે. તેથી જ કલ અરદેશર ખબરદારે લખ્યું છે : 'જ્યાં જ્યાં વસે છે એક ગુજરાતી ત્યાં સદા કાળ ગુજરાત.' દેશવિદેશમાં ગુજરાતીઓ 'વ્યાપારી પ્રજા' તરીકે ઓળખાય છે. આ એક વણ ખેડાયેલો અને રસપ્રદ વિષય છે.

આજે ખોજાઓ ગુજરાત રાજ્ય ઉપરાંત, મુંબઈ, કરાંચી, કલકત્તા પૂર્વ અને દક્ષિણ આફ્રિકા, લા રિયુનીયન, ઈરાન, ઓમાન, સાઉદી અરેબીયા, મેનમાર, ઈન્ડોનેશિયા, મલેશિયા, બ્રિટન, યુ.એસ.એ., કેનેડા, માડાગાસ્કર અને પોર્ટુગલમાં વસે છે. આજે વિશ્વમાં ૨ કરોડ ખોજાઓ પથરાયા છે. ભારતમાં તેમની સંખ્યા ૪.૨૪ લાખ છે. બ્રિટનમાં ૧૩,૦૦૦ અને કેનેડામાં ૩,૬૦,૦૦૦ ખોજાઓ વસે છે. પાકિસ્તાનમાં પણ છે. પાકિસ્તાનનાં સર્જક મહંમદ અલી ઝીણાં ગુજરાતી ખોજા હતા. ગાંધીજી અને ઝીણાં બેઉ મૂળ સૌરાષ્ટ્રનાં હતાં.





અલીદીના વિસરામ (૧૮૫૧-૧૯૧૬) | પ્રિન્સ શાહ કરીમ અલી હુસેની, આગાખાન ચોથા | અઝીમ પ્રેમજી (૧૯૪૫)

ગુજરાતી શબ્દ 'ખોજા' મૂળ પર્શિયન શબ્દ ખ્વાજામાંથી આવ્યો છે

'ખ્વાજા' એટલે સરદાર અથવા તો નાયક. ખોજાઓ મૂળમાં લોહાણા, ભાટિયા, ગરાશીયા અને કણબી હતા. પણ સિધ્ધરાજ જયસિંહનાં વખતમાં (૧૦૯૪-૧૧૪૩) ઈરાનથી આવેલા સુફી ઉપદેશક નૂર સતગરે તેમને ઉપદેશો આપીને નિઝારી પંથમાં દાખલ કર્યા હતા. ત્યાર બાદ ૧૫મા સૈકામાં આવેલા પીર અદરુદ્દીને હિંદુઓનાં અવતારવાદને સમર્થન આપીને હિંદુઓને મોટી સંખ્યામાં નિઝારી-સત્તપંથી બનાવ્યા. ૧૬મા અને ૧૭મા સૈકામાં ખોજા વેપારીઓ વિદેશોમાં ધૂમી વળીને સમૃધ્ધ થતા હતા એટલું જ નહીં પણ તેમનાં ધર્મગુરૂઓની દોરવણી હેઠળ તેઓ તેમનાં ખોજા ભાઈબહેનોને ભણાવતા હતા. નીઝારી ઈસ્માઈલી પંથનાં ખોજાઓ પાસેથી બીજાઓએ આજે પણ એ વાત શીખવા જેવી છે કે તેમનાં ધાર્મિક વડા પ્રથમ આગાખાન ઈમામ હસનઅલી શાહથી (૧૮૦૦-૧૮૮૧) શરૂ કરીને આજનાં આગાખાન પ્રિન્સ શાહ કરીમ અલ-હુસેને (જન્મ : ૧૯૩૬) તેમનાં અનુયાયીઓને ખૂબ જ ભણાવી ગણાવીને પાવરધા બનાવ્યા છે એટલું જ નહીં પણ એમને એકદમ ખડતલ, સ્વમાની અને પરગજુ બનાવ્યા છે. તેથી આજે જેની ભારે જરૂર છે તેવા મલ્ટી-એથનીક, મલ્ટી-કલ્ચરલ અને મલ્ટી-લીંગ્વલ મૂલ્યો ખોજાઓએ વિકસાવ્યાં છે. પારસીઓની જેમ ઐતિહાસિક દ્રષ્ટિએ ખોજાઓ માઈનોરીટી કોમ તરીકે ધર્મ ઝનૂનીઓનાં જુલ્મોને સહન કરી-કરીને મન અને હૃદયની મોટાઈ વીકસાવી છે. ખોજાઓ, વહોરાઓ, મેમણો અને પારસીઓ પાસેથી ઘણું શીખવા જેવું છે. પારસીઓ અને ખોજાઓ માત્ર પૈસા કમાઈ નથી જાણતા. તેઓ પુષ્કળ આધુનિક ટેકનોલોજીકલ, મેડિકલ અને પ્રોફેશનલ શિક્ષણ લઈને તેમનું માથું ઊંચું રાખતા રાખતા અન્ય કોમોનાં લોકોનું પણ ભલું થાય તેવાં સેક્યુલર દાનો કરે છે. તેનું એક મુખ્ય કારણ એ છે કે ખોજાઓનાં વડા આગાખાને ધર્મ અને અધ્યાત્મને સામાજિક કલ્યાણ સાથે અત્યંત ઘનિષ્ટ સ્વરૂપમાં જોડ્યો છે. ૧૯૪૫માં તે સમયનાં આગાખાન સર સુલતાન મોહંમદ શાહે આપેલું 'પાઉન્ડ ટુ પાઉન્ડ' આખ્યાન વિશ્વપ્રસિદ્ધ છે. આજે જેવી રીતે 'સોસીયલ રીસ્પોન્સીબીલીટી ઓફ બિઝનેસ'નાં સિદ્ધાંત ઉપર ભાર મૂકવામાં આવે છે તે જ રીતે આગાખાને ૧૯૪૫માં 'રીલીજીયસ એન્ડ એથીકલ રીસ્પોન્સીબીલીટી ફોર સોશીયલ વેલ્ફેર'નો ખ્યાલ દર્શાવીને તેને અમલમાં મૂક્યો હતો.

પારસીઓની જેમ ઐતિહાસિક દ્રષ્ટિએ ખોજાઓ માઇનોરીટી કોમ તરીકે ધર્મ ઝનૂનીઓનાં જુલ્મોને સહન કરી-કરીને મન અને હૃદયની મોટાઈ વિકસાવી છે.

ખોજાઓએ એમનાં ધર્મને અનુસરીને આફ્રિકામાં વ્યાપાર ખેડ્યો હતો

ખોજાઓ કચ્છના હતાં. જેમ કે શિવા હાજી પાસે ૧૮૫૨માં માંડવી બંદરેથી ઉપડીને ઝાંઝીબાર ગયો હતો અને નાની દૂકાનથી કારકિર્દી શરૂ કરી હતી. અહીંથી તેણે તેની વ્યાપારી જાળ યુગાન્ડા અને કેન્યામાં ફેલાવી. થારિયા ટોપણ તો ૧૮૫૦નાં દાયકામાં માંડવી બંદરમાં શાકભાજી વેચતો હતો. પણ એક પ્રસંગે અચાનક એ છલાંગ મારીને ઝાંઝીબાર જતા વહાણમાં કૂદી પડ્યો અને ઝાંઝીબાર પહોંચી ગયો. તે વખતે જયરામ શિવજીની પેઢીનાં સંચાલક લધા દામજી ઝાંઝીબાર હતા. જયરામ અને લધા ભાટિયા, અને થારીયા ટોપણ ખોજા. પણ કચ્છી તરીકેની સૌ કચ્છીઓની આઈડેન્ટીટી એકદમ 'સ્ટ્રોંગ'. તેથી લધા દામજીએ આ બાળકને તેની પેઢીનાં ફેરીયા તરીકે રાખી લીધો. પછી બગીચાનાં માળી તરીકે રાખ્યો, અને ત્યાર બાદ પેઢીનાં મુનીમ તરીકે. થારીયા ટોપણ સપાટાબંધ આગળ વધ્યો, તેણે સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને હાથીદાંત, કાપડ અને અનાજકરીયાણાનો વેપાર કરીને કરોડપતિ બન્યો. તે જ પ્રમાણે અલિદીના વિસરામ (૧૮૫૧-૧૯૧૬) પણ મહાન કચ્છી ખોજા વેપારી હતા. મોમ્બાસામાં હાથીદાંતની તેમની વખારો હતી. શાળાઓ, કોલેજો, ગ્રંથાલયો, સંગ્રહાલયો, હોસ્પિટલો અને અનાથગૃહોની સ્થાપના પાછળ અલિદીનાએ લાખો પાઉન્ડ વાપર્યા હતા. તેનો લાભ હિંદુ, મુસલમાન, આફ્રિકન એમ સૌ કોઈ લેતા હતા. એક બાબત ખાસ યાદ રાખવા જેવી છે કે શિવા હાજીપારો, થારિયા ટોપણ અને અલિદીના વિસરામ જેવા ખોજાઓ, જીવણજી બુધાભાઈ, અલીમુલ્લા જીવણજી અને હસનઅલી ઈસ્માઈલજી જેવા વહોરાઓ, નાનજીભાઈ કાલીદાસ મહેતા અને મૂળજીભાઈ માધવાણી જેવા લોહાણાઓ, મેઘજી પેથરાજ શાહ, કાન્તિલાલ પુરૂષોત્તમ શાહ અને પ્રેમચંદ પોપટ ચંદરયા જેવા જૈનો લધા દામજી જેવા ભાટિયાઓ પૂર્વ

અનુસંધાન પાના નં. ૧૦૫૨

2019-05-19 -Satpanthis became Khoja -Gujarat Samachar (979)

Nizari Satpanth (Khoja) - See Page 3 of Ravi Purti - Gujarat Samachar Date 19-May-2019

ગુજરાતની તેજસ્વી વ્યાપારી કોમ 'ખોજા'

ડૉ. મકરન્દ મહેતા

ગુજરાત એટલે વ્યાપાર ઉદ્યોગનું ધામ ગુજરાતીઓ વિશ્વભરમાં ફેલાયા છે. તેઓ દેશ વિદેશમાં 'વ્યાપારી કોમ' તરીકે ઓળખાય છે. ગુજરાતે વ્યાપારી જ્ઞાતિઓ અને કોમે ખીલવી છે. ભાટિયા, લોહાણા અને વૈષ્ણવ વણીકો હિંદુ વ્યાપારી જ્ઞાતિઓ છે. જૈનો અને ઝોરોસ્ટ્રીયન પારસીઓ વ્યાપારી કોમો છે. મુસલમાનોમાં ખોજા, વહોરા અને મેમણ વ્યાપારી કોમો છે. નાત, જાત અને ધર્મની બાબતમાં ગુજરાતીઓ ભીન્ન હોવા છતાં તેમને ગુજરાતી ભાષા જોડે છે. તેથી જ કવિ અરદેશર ખબરદારે લખ્યું છે : 'જ્યાં જ્યાં વસે છે એક ગુજરાતી ત્યાં સદા કાળ ગુજરાત.' દેશવિદેશમાં ગુજરાતીઓ 'વ્યાપારી પ્રજા' તરીકે ઓળખાય છે. આ એક વણ ખેડાયેલો અને રસપ્રદ વિષય છે.

આજે ખોજાઓ ગુજરાત રાજ્ય ઉપરાંત, મુંબઇ, કરાંચી, કલકત્તા પૂર્વ અને દક્ષિણ આફ્રિકા, લા રિયુનીયન, ઇરાન, ઓમાન, સાઉદી અરેબીયા, મેનમાર, ઇન્ડોનેશિયા, મલેશિયા, બ્રિટન, યુ.એસ.એ., કેનેડા, માડાગાસ્કર અને પોર્ટુગલમાં વસે છે. આજે વિશ્વમાં ૨ કરોડ ખોજાઓ પથરાયા છે. ભારતમાં તેમની સંખ્યા ૪.૨૪ લાખ છે. બ્રિટનમાં ૧૩,૦૦૦ અને કેનેડામાં ૩,૬૦,૦૦૦ ખોજાઓ વસે છે. પાકિસ્તાનમાં પણ છે. પાકિસ્તાનનાં સર્જક મહંમદ અલી ઝીણાં ગુજરાતી ખોજા હતા. ગાંધીજી અને ઝીણાં બેઉ મૂળ સૌરાષ્ટ્રનાં હતાં.

ગુજરાતી શબ્દ 'ખોજા' મૂળ પર્શિયન શબ્દ ખ્વાજામાંથી આવ્યો છે

'ખ્વાજા' એટલે સરદાર અથવા તો નાયક. ખોજાઓ મૂળમાં લોહાણા, ભાટિયા, ગરાશીયા અને કણબી હતા. પણ સિધ્ધરાજ જયસિંહનાં વખતમાં (૧૦૯૪-૧૧૪૩) ઇરાનથી આવેલા સુફી ઉપદેશક નૂર સતગરે તેમને ઉપદેશો આપીને નિઝારી પંથમાં દાખલ કર્યા હતા. ત્યાર બાદ ૧૫મા સૈકામાં આવેલા પીર અદરુદ્દીને હિંદુઓનાં અવતારવાદને સમર્થન આપીને હિંદુઓને મોટી સંખ્યામાં નિઝારી-સત્તપંથી બનાવ્યા. ૧૬મા અને ૧૭મા સૈકામાં ખોજા વેપારીઓ વિદેશોમાં ઘૂમી વળીને સમૃધ્ધ થતા હતા એટલું જ નહીં પણ તેમનાં ધર્મગુરૂઓની દોરવણી હેઠળ તેઓ તેમનાં ખોજા ભાઇબહેનોને ભણાવતા હતા. નીઝારી ઇસ્માઇલી પંથનાં ખોજાઓ પાસેથી બીજાઓએ આજે પણ એ વાત શીખવા જેવી છે કે તેમનાં ધાર્મિક વડા પ્રથમ આગાખાન ઇમામ હસનઅલી શાહથી (૧૮૦૦-૧૮૮૧) શરૂ કરીને આજનાં આગાખાન પ્રિન્સ શાહ કરીમ અલ-હુસેને (જન્મ : ૧૯૩૬) તેમનાં અનુયાયીઓને ખૂબ જ ભણાવી ગણાવીને પાવરધા બનાવ્યા છે એટલું જ નહીં પણ એમને એકદમ ખડતલ, સ્વમાની અને પરગજુ બનાવ્યા છે. તેથી આજે જેની ભારે જરૂર છે તેવા મલ્ટી-એથનીક, મલ્ટી-કલ્ચરલ અને મલ્ટી-લીંગ્વલ મૂલ્યો ખોજાઓએ વિકસાવ્યાં છે. પારસીઓની જેમ ઐતિહાસિક દ્રષ્ટિએ ખોજાઓ માઇનોરીટી કોમ તરીકે ધર્મ ઝનૂનીઓનાં જુલ્મોને સહન કરી-કરીને મન અને હૃદયની મોટાઇ વીકસાવી છે. ખોજાઓ, વહોરાઓ, મેમણો અને પારસીઓ પાસેથી ઘણું શીખવા જેવું છે. પારસીઓ અને ખોજાઓ માત્ર પૈસા કમાઇ નથી જાણતા. તેઓ પુષ્કળ આધુનિક ટેકનોલોજીકલ, મેડિકલ અને પ્રોફેશનલ શિક્ષણ લઇને તેમનું માથું ઊંચું રાખતા રાખતા અન્ય કોમોનાં લોકોનું પણ ભલું થાય તેવાં સેક્યુલર દાનો કરે છે. તેનું એક મુખ્ય કારણ એ છે કે ખોજાઓનાં વડા આગાખાને ધર્મ અને અધ્યાત્મને સામાજિક કલ્યાણ સાથે અત્યંત ઘનિષ્ટ સ્વરૂપમાં જોડ્યો છે. ૧૯૪૫માં તે સમયનાં આગાખાન સર સુલતાન મોહંમદ શાહે આપેલું 'પાઉન્ડ ટુ પાઉન્ડ' આખ્યાન વિશ્વપ્રસિદ્ધ છે. આજે જેવી રીતે 'સોસીયલ રીસ્પોન્સીબીલીટી ઓફ બિઝનેસ'નાં સિદ્ધાંત ઉપર ભાર મૂકવામાં આવે છે તે જ રીતે આગાખાને ૧૯૪૫માં 'રીલીજીયસ એન્ડ એથીકલ રીસ્પોન્સીબીલીટી ફોર સોશીયલ વેલ્ફેર'નો ખ્યાલ દર્શાવીને તેને અમલમાં મૂક્યો હતો.



અલીદીના વિસરામ (૧૮૫૧-૧૯૧૬)

પ્રિન્સ શાહ કરીમ અલી હુસેની, આગાખાન ચોથા

અઝીમ પ્રેમજી (૧૯૪૫)

પારસીઓની જેમ ઐતિહાસિક દ્રષ્ટિએ ખોજાઓ માઇનોરીટી કોમ તરીકે ધર્મ ઝનૂનીઓનાં જુલ્મોને સહન કરી-કરીને મન અને હૃદયની મોટાઇ વિકસાવી છે.

ખોજાઓએ એમનાં ધર્મને અનુસરીને આફ્રિકામાં વ્યાપાર ખેડ્યો હતો

ખોજાઓ કચ્છના હતાં. જેમ કે શિવા હાજી પાસે ૧૮૫૨માં માંડવી બંદરેથી ઉપડીને ઝાંઝીબાર ગયો હતો અને નાની દૂકાનથી કારકિર્દી શરૂ કરી હતી. અહીંથી તેણે તેની વ્યાપારી જાળ યુગાન્ડા અને કેન્યામાં ફેલાવી. થારિયા ટોપણ તો ૧૮૫૦નાં દાયકામાં માંડવી બંદરમાં શાકભાજી વેચતો હતો. પણ એક પ્રસંગે અચાનક એ છલાંગ મારીને ઝાંઝીબાર જતા વહાણમાં કૂદી પ... પહોંચી ગયો. ... શિવજીની પેઢીન... દામજી ઝાંઝીબાર ... લધા ભાટિયા, અ... ખોજા. પણ ક... કચ્છીઓની આ... 'સ્ટ્રોંગ'. તેથી લ... બાળકને તેની પેઢીનાં ફેરીયા તરીકે રાખી લીધો. પછી બગીચાનાં માળી તરીકે રાખ્યો, અને ત્યાર બાદ પેઢીનાં મુનીમ તરીકે. થારીયા ટોપણ સપાટાબંધ આગળ વધ્યો, તેણે સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને હાથીદાંત, કાપડ અને અનાજકરીયાણાનો વેપાર કરીને કરોડપતિ બન્યો. તે જ પ્રમાણે અલિદીના વિસરામ (૧૮૫૧-૧૯૧૬) પણ મહાન કચ્છી ખોજા વેપારી હતા. મોમ્બાસામાં હાથીદાંતની તેમની વખારો હતી. શાળાઓ, કોલેજો, ગ્રંથાલયો, સંગ્રહાલયો, હોસ્પિટલો અને અનાથગૃહોની સ્થાપના પાછળ અલિદીનાએ લાખો પાઉન્ડ વાપર્યા હતા. તેનો લાભ હિંદુ, મુસલમાન, આફ્રિકન એમ સૌ કોઇ લેતા હતા. એક બાબત ખાસ યાદ રાખવા જેવી છે કે શિવા હાજીપારો, થારિયા ટોપણ અને અલિદીના વિસરામ જેવા ખોજાઓ, જીવણજી બુધાભાઇ, અલીમુલ્લા જીવણજી અને હસનઅલી ઇસ્માઇલજી જેવા વહોરાઓ, નાનજીભા... મૂળજીભા... લોહાણાઓ... કાન્તિલાલ પુરૂષોત્તમ શાહ અને પ્રેમચંદ પોપટ ચંદરયા જેવા જૈનો લધા દામજી જેવા ભાટિયાઓ પૂર્વ

અનુસંધાન પાના નં. ૧૦ પર

ઈમામશાહના દાદા પીર સદૃદ્દીનએ હિંદુઓને સતપંથી બનાવ્યા... જે આગળ જઈને ખોજા મુસલમાન બન્યા.

"કણબી" જ્ઞાતિમાંથી પણ ખોજા બન્યા છે.

કચ્છના લોકો ખોજા બન્યા